**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 | **ફેક્સ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** | **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** | **તા. ૨૬–૧૦–૨૦૦૫**

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા. ૨૬–૧૦–૨૦૦૫ ના રોજ બપોરે ૧–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## –: કાર્યવાહી :–

| ક્રમ | | તા. ૨૬–૧૦–૨૦૦૫ |
|---|---|---|
| ૧. | ડો. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | ગેરહાજર |
| ૭. | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮. | ડો.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯. | ડો.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨. | ડો.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડો.વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | –ખાલી– | – |
| ૧૭. | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |
| ૧૮. | શ્રી મયુરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૯. | શ્રીમતી સાધના અનિલકુમાર ભંડારી | હાજર |
| ૨૦. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |

૧. સિન્ડિકેટ, તા. ૨૩–૮–૨૦૦૫ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨૩–૮–૨૦૦૫ની તાકીદની સભાની કાર્યવાહીને મંજૂર કરવામાં આવે છે.

૨. સિન્ડિકેટ, તા. ૨૯–૮–૨૦૦૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨૯–૮–૨૦૦૫ની સામાન્ય સભાની કાર્યવાહીને મંજૂર કરવામાં આવે છે.

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ શ્રી હરીદાસ નાયરને સોંપવામાં આવ્યો છે જે બાબતે તેમના દ્વારા સીકયુરીટી ડીપોઝીટની રકમ ભરવા માટે રાહત આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**(નોંધ:** (૧) શ્રી હરીદાસ નાયરને કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ સિન્ડિકેટની તા. ૨૫–૬–૦૫ની બાબત (૪૩)થી ઠરાવ્યા અનુસાર સોંપવામાં આવેલ છે.

(૨) ટેન્ડરની શરત અનુસાર કોન્ટ્રાકટરે રૂા. ૧,૦૦,૦૦૦/– (એક લાખ) સિકયુરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહે છે.

(૩) કોન્ટ્રાકટર શ્રી નાયર દ્વારા તેમની આર્થિક પરિસ્થિતીના સંદર્ભમાં રાહત આપી રૂા. ૧,૦૦,૦૦૦/–ને બદલે રૂા. ૨૫,૦૦૦/–ની રકમ ડીપોઝીટ તરીકે લેવા વિનંતી કરેલ છે અને કાર્યાલય દ્વારા રૂા. ૧,૦૦,૦૦૦/–ની ડીપોઝીટ ભરવા આગ્રહ રાખવામાં આવે તો કેન્ટીન ચલાવવા અશકતી દર્શાવી છે.

(૪) તેમનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવે તો તે સંજોગોમાં તેમની ઉઘરાણી બાકી હોવાથી ત્રણ મહિનાની મુદત માટે કેન્ટીન ચલાવવા દેવા પણ વિનંતી કરેલ છે.**)**

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ શ્રી હરીદાસ નાયરને સોંપવામાં આવ્યો છે જે બાબતે તેમના દ્વારા સીકયુરીટી ડીપોઝીટની રકમ ભરવા માટે રાહત આપવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખી રૂા. ૨૫,૦૦૦/–ની રકમ ડીપોઝીટ તરીકે લઈ કોન્ટ્રાકટ આપવો.

૪. ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા. ૬–૬–૨૦૦૫નાં ઠરાવક્રમાંકઃ નપન–૨૦૦૫ / જીઓઆઈ / ૧૦/ પી અન્વયે યુનિવર્સિટીમાં તા. ૧–૪–૨૦૦૫થી શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક થાય તેઓ માટે દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજનાનાં અમલીકરણ માટે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા. ૬–૬–૨૦૦૫નાં ઠરાવ ક્રમાંકઃ નપન–૨૦૦૫/ જીઓઆઈ/ ૧૦/ પી અન્વયે યુનિવર્સિટીમાં તા. ૧–૪–૨૦૦૫થી શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક થાય તેઓ માટે દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજનાનો સ્વીકાર કરવો.

૫. શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજના જોડાણ માટે કોઈ ટ્રસ્ટ / મંડળ માંગણી કરે તો તેમની જોડાણઅરજી / પત્રકો આપવા/ સ્વીકારવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યક્ષેત્ર બહાર સ્વનિર્ભર સંસ્થા/ કોલેજનું નવું જોડાણ કોઈને આપવું નહી અને નવા અરજીપત્રક આપવાં/ સ્વીકારવાં નહીં. વધુમાં, ગ્રાન્ટેડ અભ્યાસક્રમની કોઈ જોડાણ અરજી આવે તો તેને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૬. કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ, ભરથાણા (વેસુ), સુરતનાં પ્રમુખશ્રીએ તેમના તા. ૭–૯–૦૫ના પત્રથી કોલેજનું નામ "દુર્લભ રામજી ભાણા"ને બદલે નવું નામ **"દુર્લભભાઈ રામજીભાઈ પટેલ અને રામજીભાઈ ભાણાભાઈ પટેલ કોમર્સ કોલેજ" (ભરથાણા)** (ડી.આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા) આપવા અંગેની જાણ કરતા પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ, ભરથાણા (વેસુ), સુરતનાં પ્રમુખશ્રીએ તેમના તા. ૭–૯–૦૫ના પત્રથી કોલેજનું નામ "દુર્લભ રામજી ભાણા"ને બદલે નવું નામ **"દુર્લભભાઈ રામજીભાઈ પટેલ અને રામજીભાઈ ભાણાભાઈ પટેલ કોમર્સ કોલેજ" (ભરથાણા)** (ડી.આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા) આપવા કરેલ વિનંતી સ્વીકારવી.

૭. યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલયને સને ૨૦૦૫–૦૬ની સાલમાં પરદેશથી પ્રગટ થતાં સામયિકોના ખર્ચ માટે રૂ.૫,૦૦,૦૦૦ ફાળવેલ છે તે ઉપરાંત વધારાના રૂ. ૧૦,૦૦,૦૦૦ બજેટમાં ફાળવવા અંગે નાણાં સમિતિની તા. ૨૧–૬–૨૦૦૫ ની સભાના ઠરાવ ક્રમાંક–૫ હેઠળ સદરહુ વધારાના રૂ. ૧૦,૦૦,૦૦૦ બજેટમાં ફાળવવા માટે સિન્ડિકેટને ભલામણ કરેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.

(ગ્રંથાલય)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલયને સને ૨૦૦૫–૦૬ની સાલમાં પરદેશથી પ્રગટ થતાં સામયિકોના ખર્ચ માટે રૂ.૫,૦૦,૦૦૦ ફાળવેલ છે તે ઉપરાંત વધારાના રૂ. ૧૦,૦૦,૦૦૦ બજેટમાં ફાળવવા અંગે નાણાં સમિતિની તા. ૨૧–૬–૨૦૦૫ ની સભાના ઠરાવ ક્રમાંક–૫ હેઠળ સદરહુ વધારાના રૂ. ૧૦,૦૦,૦૦૦ બજેટમાં ફાળવવા માટે કરેલ ભલામણ સ્વીકારવી.

૮. યુનિવર્સિટી ખાતે માસ્તર ઓફ સોસીયલ વેલ્ફેર **(MSW)**નો સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬થી શરૂ કરવામાં આવ્યો છે. સદરહુ અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરના તા. ૧૫–૯–૨૦૦૫ના પત્ર અન્વયે વાર્ષિક બજેટ પ્રપોઝલ તૈયાર કરી ખર્ચની માહિતી બિડેલ છે. જેને મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે માસ્ટર ઓફ સોસીયલ વેલ્ફેર **(MSW)**નો સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬થી શરૂ કરવા અંગેનો ખર્ચ મંજૂર કરી આગળની કાર્યવાહી કરવી.

**(પરિશિષ્ટઃ "ક")**

૯. (૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃદગય–૧૩૦૫–૧૮૨૦–ખ, સચિવાલય ગાંધીનગર ના તા. ૧૬–૦૯–૨૦૦૫ના પત્રમાં જણાવ્યાનુસાર યુનિવર્સિટી ખાતે કુલ ૧૪ શૈક્ષણિક જગાઓ ભરવાની આવેલ મંજૂરી પૈકી ૮ વ્યાખ્યાતાની જગાઓ અંતર્ગત અનામતનીતિનો અમલ કરવા અંગે મા.કુલપતિશ્રી દ્વારા રચવામાં આવેલ સમિતિની સભા તા. ૧૧–૧૦–૨૦૦૫ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જે અંગે કાર્યાલયને મળેલ રીપોર્ટ પર વિચારણા કરવા બાબત.

હાલ આપણી યુનિવર્સિટીમાં નીચે મુજબનો બેકલોગ છે.

| ક્રમ | વિગત | એસ.સી. | એસ.ટી. | એસ.ઈ.બી.સી. |
|---|---|---|---|---|
| | | ૭% | ૧૫% | ૨૭% |
| ૧ | ભરવાની થતી જગા | ૦૪ | ૦૮ | ૧૬ |
| ૨ | ભરેલી જગા | ૦૨ | ૦૫ | ૧૨ |
| ૩ | બાકી જગા | –૦૨ | –૦૩ | –૦૪ |

ઉપરોકત બેકલોગ યુનિવર્સિટીના સમગ્ર એકમને ગણીને થતો બેકલોગ છે, હાલ માત્ર ૮ (આઠ) વ્યાખ્યાતાઓની જગા ભરવાની મંજૂરી આવેલ છે. જે વિદિત થાય.

**ઉપરોકત બેકલોગને આધારે સમિતિએ નીચે મુજબ જગાઓ ભરવા ભલામણ કેરલ છે.**

| No. | Name of the Department | SEBC | ST | SC | Total |
|---|---|---|---|---|---|
| 1 | MRS | 01 | 01 | - | 02 |
| 2 | Chemistry | - | - | 01 | 01 |
| 3 | Bio-Sciences | 01 | - | - | 01 |
| 4 | Education | 01 | - | - | 01 |
| | **Total** | 03 | 01 | 01 | 05 |

વધુમાં સમિતિના રીપોર્ટની નીચે દર્શાવેલ પેરા ક્રમાંક (૬)ની ભલામણ અંગે અમલ કરવા વિચારણા કરવાની રહેશે.

**(6)** The Committee also suggest thst swapping of reserved positions may be considered that is, if candidates belonging to a particular reserved category are not available and if some other suitable candidates belonging to another reserved category/ies are available, the position may be filled with the available & suitable candidates of the other reserved category/ ies.

**(૨)** ઉપરોકત સરકારશ્રીના આવેલ ઠરાવ અંર્તગત કુલ ૧૪ શૈક્ષણિક જગાઓ ભરવા માટે જે તે વિભાગના વડાશ્રીઓ તથા શ્રેયાન કર્મચારીઓની કમિટિ બનાવી તેઓની પાસે કાર્યાલય દ્વારા Specialization મંગાવવામાં આવેલ છે. જે કાર્યાલય દ્વારા તૈયાર કરવામાં આવેલ માહિતી પત્રક આ સાથે સામેલ છે. જે જાહેરાત આપ્યા બાદ અરજી સાથે ઉમેદવારોને આપવાની થશે. જે Specialization માહિતી પત્રક અંગે નિતિવિષયક નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોકત પેરા (૧) અને (૨) સંદર્ભમાં નિતિવિષયક નિર્ણય લેવા વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં બેકલોગને આધારે સમિતિએ નીચે મુજબની ભલામણ કરેલ છે. જેમાં ક્રમ નં.: (૪) શિક્ષણ વિભાગમાં **SEBC** ની એક પોસ્ટ ઓછી કરી **ST** માં ઉમેરવી.

| No. | Name of the Department | SEBC | ST | SC | Total |
|---|---|---|---|---|---|
| 1 | MRS | 01 | 01 | - | 02 |
| 2 | Chemistry | - | - | 01 | 01 |
| 3 | Bio-Sciences | 01 | - | - | 01 |
| 4 | Education | - | 01 | - | 01 |
| | **Total** | 02 | 02 | 01 | 05 |

* વધુમાં બિડાણ નં.: (૩) Spacialization નાં પાના ૫૨ …

(3) **Education:-**

**Lecturer:**

એજ્યુકેશન સ્ટેટિસ્ટિક્સ તથા સાયકોલોજિકલ ટેસ્ટિંગના સ્પેશિયલાઈઝેશન

**ને બદલે**

(3) **Education:-**

**Lecturer:**

**<u>Lecturer in Education.</u>**

**વંચાણે લેવું.**

* બિડાણ નં.: (૩) Spacialization નાં પાના નં.: (૨) ૫૨ …

(6) **Physics:-**

**Reader:**

બીજી લીટીમાંથી **<u>etc.</u>** શબ્દ કાંઢી નાખી **વંચાણે લેવું.**

* બિડાણ નં.: (૩) Spacialization નાં પાના નં.: (૨) ૫૨ …

(8) **R.M.I.S.S.S.:-**

**Professor:**

Candidate having Post Graduate degree in Social Sciences with specialization at the Ph.D. level in areas like HRD, Labour Welfare & Labour Laws, Industrial Relations and Organizational Behaviour.

**ને બદલે**

(8) **R.M.I.S.S.S.:-**

**Professor:**

Candidate having Post Graduate degree in Social Sciences with specialization at the Ph.D. level in areas like HRD, Labour Welfare & Labour Laws, Industrial Relations and Organizational Behaviour **<u>OR</u>** P.G. Degree in Social Science with expertise in Research Methodology.

**વંચાણે લેવું.**

* બિડાણ નં.: (૩) Spacialization નાં પાના નં.: (૩) ૫૨ …

(10) **Rural Studies:-**

**Lecturer: 3 position**

| Area of Specialization | Minimum Qualification | Additional Qualification |
|---|---|---|
| 1) Rural Sociology | M.A. Sociology<br>M.R.S. | Ph.D. in Sociology |
| 2) Agriculture | M.Sc. Agriculture Specialization Horticulture | Ph.D. in relevant Subject |
| 3) Agriculture | M.Sc. Agriculture Specialization Extension Education | Ph.D. in relevant Subject |

**ને બદલે**

| Area of Specialization | Minimum Qualification | **<u>Preferable</u>** Qualification |
|---|---|---|
| 1) Rural Sociology | M.A. Sociology / M.R.S. | Ph.D. in Sociology/ **<u>Rural Studies</u>** |
| 2) Agriculture | M.Sc. Agriculture Specialization / Horticulture | Ph.D. in relevant Subject |
| 3) Agriculture | M.Sc. Agriculture Specialization Extension Education | Ph.D. in relevant Subject |

**વંચાણે લેવું.**

૧૦. શ્રી વિદ્યાધન ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર પાટિયા, સુરતને **NCTE** ભોપાલ દ્વારા શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬માં બી.એડ્. કોર્ષ શરૂ કરવા માટેની માન્યતા મળી છે, તથા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરે નામદાર હાઈકોર્ટના **SCA No.: 18074/ 2005,** તા. ૧૪–૯–૨૦૦૫નાં આદેશ મુજબ **SNDT** વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સંલગ્ન બી.એડ્. કોર્ષ શરૂ કરવાની મંજૂરી (**NOC**) આપેલ છે.જેથી હવે રાજય સરકારનો કોઈ પ્રતિબંધ રહેતા નથી, એમ જણાવતાં સંસ્થાને **SNDT** યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોર્ષ શરૂ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું "ના વાંધા પ્રમાણપત્ર" (**NOC**) આપવા અંગેના પ્રસ્તુત ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રીના તા. ૧–૧૦–૨૦૦૫નાં પત્રાંકઃ વી.સી.ટી./ ૧૦૧/ ૨૦૦૫–૦૬ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે શિક્ષણ વિદ્યાશાખા હેઠળ બી.એડ્. અભ્યાસક્રમો ચાલે છે અને કોઈપણ સંસ્થા (મહિલા કોલેજ સહિત) બી.એડ્ અભ્યાસક્રમ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પાસે જોડાણ માંગી શકે છે અને યુનિવર્સિટી તે સંસ્થાને યુનિવર્સિટીના ધારા ધોરણ અનુસાર કાર્યવાહી કરી જોડાણ માટે ભલામણ કરતી હોય છે.

વધુમાં, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫(૧) ને ધ્યાને રાખતાં અને (૧) શ્રી વિદ્યાધન ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર પાટિયા, સુરત (૨) શ્રેયસ એજયુકેશન ટ્રસ્ટ, સુરત કે જેમણે યુનિવર્સિટી પાસે **NOC** માંગેલ છે. તેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવી બી.એડ્. અભ્યાસક્રમ ચાલુ કરી શકાય તેમ હોવા છતાં **SNDT**, મુંબઈ યુનિવર્સિટી પાસે, જોડાણ મેળવવા માટે શા માટે જવું પડેલ છે. તેનાં કારણો તેઓએ જણાવેલાં નથી અને આથી તેઓને **NOC** આપવામાં આવતુ નથી.

૧૧. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામમાં નીચે જણાવેલ ફરજ બજાવતાં હંગામી કરાર આધારિત વ્યાખ્યાતાઓની મુદત તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરી થતી હોય જે તે વિભાગના સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામના વર્કલોડ તેમજ શૈક્ષણિક કામગીરીને ધ્યાનમાં રાખી તેઓનો કોન્ટ્રાકટનો પીરીયડ વધુ સમય માટે રીન્યુ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | નામ | કોન્ટ્રાકટ પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| **એમ.એસસી. (આઈ.ટી.) સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામ** | | |
| (૧) | શ્રી નિકુંજ પટેલ | ૩૧–૧૦–૨૦૦૫ |
| (૨) | કુ. કિંજન ચૌહાણ | ૩૧–૧૦–૨૦૦૫ |
| (૩) | શ્રી હેમલ એસ. પટેલ | ૦૬–૧૨–૨૦૦૫ |
| **ડી.બી.આઈ.એમ. સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામ** | | |
| (૧) | ડો. (શ્રીમતી) રીતીકા સિંહા | ૨૮–૧૦–૨૦૦૫ |
| (૨) | ડો. (શ્રીમતી) હેમલતા અગ્રવાલ | ૨૮–૧૦–૨૦૦૫ |
| (૩) | શ્રીમતી સ્મૃતિ બલસારી | ૨૮–૧૦–૨૦૦૫ |
| (૪) | કુ. નમ્રતા ખત્રી | ૨૮–૧૦–૨૦૦૫ |
| **કોમ્પ્યુટર સાયન્સ, સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામ** | | |
| (૧) | શ્રી નિશાંત આઈ. પટેલ | ૨૮–૧૦–૨૦૦૫ |

સિન્ડિકેટ તારીખ ૨૬–૦૫–૨૦૦૫ની સભાના ક્રમાંકઃ ૩, ૪, ૫ અને ૬ ના ઠરાવ અંતર્ગત આ શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક સર્વિસ–કંડીશન, પગાર ધોરણ તથા અન્ય મળવાપાત્ર લાભો વિગેરે અંગે એક નોંધ તૈયાર કરી સિન્ડિકેટ સમક્ષ મૂકી જરૂરી મંજૂરી મેળવી આ શૈક્ષણિક સ્ટાફ પસંદ કરવાની નિયમાનુસાર પ્રક્રિયા હાથ ધરવાનું ઠરાવેલ હોય આ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત બે થી ત્રણ માસનો સમય થવા સંભવ છે જે ધ્યાને લઈ ઉપરોકત કર્મચારીઓની મુદત લંબાવવા અંગે વિચારવાનું રહે છે.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામમાં ઉપરોકત જણાવેલ ફરજ બજાવતાં હંગામી કરાર આધારિત વ્યાખ્યાતાઓની મુદત તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરી થતી હોય જે તે વિભાગના સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામના વર્કલોડ તેમજ શૈક્ષણિક કામગીરીને ધ્યાનમાં રાખી તેઓનો કોન્ટ્રાકટનો પીરીયડ એક સત્ર માટે રીન્યુ કરવા મંજૂરી આપવામાં આવે છે.

૧૨. યુનિવર્સિટીના અનુસ્નાતકના આંકડાશાસ્ત્ર વિભાગના રીડર ડો. રમણભાઈ ડી. પટેલે તેમના તા. ૧૯–૧૦–૨૦૦૫ના પત્રથી તેઓની ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટસ્ટીક્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પ્રોફેસર તરીકે પસંદગી થતાં ત્રણ માસની (૯૦ દિવસ) નોટીસ ગણી તેઓએ તા. ૧૮–૧–૨૦૦૬ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે રાજીનામું મંજૂર કરવા વિનંતી કરેલ છે. જે તારીખ સત્રના અધવચમાં પડતી હોય અપવાદ કરી રાજીનામું મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતકના આંકડાશાસ્ત્ર વિભાગના રીડર ડો. રમણભાઈ ડી. પટેલનું તા. ૧૮–૧–૨૦૦૬ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે ત્રણ માસની (૯૦ દિવસ) નોટીસ ગણી તેઓનું રાજીનામું મંજૂર કરવું અને તેમનું લીયન મંજૂર ન કરવું.

૧૩. યુનિવર્સિટીના અનુસ્નાતકના રસાયણશાસ્ત્ર વિભાગના રીડર ડો. કિશોર એચ. ચિખલીયાએ તેમના તા. ૨૯–૯–૦૫ના પત્રથી તેઓની ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પ્રોફેસર તરીકે પસંદગી થતાં ત્રણ માસની (૯૦ દિવસ) નોટીસ ગણી તેઓએ તા. ૨૭–૧૨–૨૦૦૫ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે રાજીનામુ મંજૂર કરવા વિનંતી કરેલ છે. જે તારીખ સત્રના અધવચમાં પડતી હોય અપવાદ કરી રાજીનામુ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતકના રસાયણશાસ્ત્ર વિભાગના રીડર ડો. કિશોર એચ. ચિખલીયાનું તા. ૨૭–૧૨–૨૦૦૫ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે ત્રણ માસની (૯૦ દિવસ) નોટીસ ગણી તેઓનું રાજીનામું મંજૂર કરવું.

૧૪. યુનિવર્સિટીના અનુસ્નાતકના ભૌતિકશાસ્ત્ર વિભાગના રીડર ડો. ઉત્પલ એસ. જોષીએ તેમના તા. ૨૬–૯–૨૦૦૫ ના પત્રથી તેઓની ડિપાર્ટમેન્ટ ઓફ ફીજીક્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે રીડર તરીકે પસંદગી થતાં ત્રણ માસની (૯૦ દિવસ) નોટીસ ગણી તેઓએ તા. ૨૪–૧૨–૨૦૦૫ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે રાજીનામુ મંજૂર કરવા વિનંતી કરેલ છે. જે તારીખ સત્રના અધવચમાં પડતી હોય અપવાદ કરી રાજીનામુ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતકના ભૌતિકશાસ્ત્ર વિભાગના રીડર ડો. ઉત્પલ એસ. જોષીનું તા. ૨૪–૧૨–૨૦૦૫ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે ત્રણ માસની (૯૦ દિવસ) નોટીસ ગણી તેઓનું રાજીનામું મંજૂર કરવું.

૧૫. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ દગય– ૧૩૦૫– ૧૬૨૯– ખ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૧૯–૦૯–૨૦૦૫નાં આ સાથેના ઠરાવથી યુનિવર્સિટી ખાતે હાલના તબકકે નીચે જણાવેલ વિગતે ૫ (પાંચ) જગાઓ કોલમ–૫માં જણાવેલ બોલીઓ શરતોને આધિન ભરવાની મંજૂરી આપવામાં આવી છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| (૧) | કુલસચિવ | ૧ | ૧૨૦૦૦–૧૬૫૦૦ | આ જગ્યા ભરતી નિયમો અનુસાર સીધી ભરતી– બઢતીથી આ જગ્યા ભરવાની રહેશે. |
| (૨) | નાયબ કુલસચિવ | ૧ | ૧૦૦૦૦–૧૫૨૦૦ | આ જગ્યા ભરતી નિયમો અનુસાર સીધી ભરતી– બઢતીથી આ જગ્યા ભરવાની રહેશે. |
| (૩) | ગ્રંથપાલ | ૧ | ૧૦૦૦૦–૧૫૨૦૦ | આ જગ્યા ભરતી નિયમો અનુસાર સીધી ભરતી– બઢતીથી આ જગ્યા ભરવાની રહેશે. |
| (૪) | મદદનીશ હિસાબનીશ | ૧ | ૫૫૦૦–૯૦૦૦ | રૂા. ૪૫૦૦/–ના માસીક ફીકસ પગારથી પાંચ વર્ષ માટે નીચે જણાવેલ બોલીઓ અને શરતોને આધિન રહી આ જગ્યા ભરવાની રહેશે. |
| (૫) | ઓડિટર | ૧ | ૫૫૦૦–૯૦૦૦ | રૂા. ૪૫૦૦/–ના માસીક ફીકસ પગારથી પાંચ વર્ષ માટે નીચે જણાવેલ બોલીઓ અને શરતોને આધિન રહી આ જગ્યા ભરવાની રહેશે. |
| | **કુલ–** | **૫** | | |

ઉપરોકત આવેલ મંજુરી અંતર્ગત નીચે મુજબની ઉપસ્થિત હકીકત અવલોકનમાં લઈ વિચારવાનું રહે છે.

(૧) ઉપર ક્રમ (૧) અને (૩) પર જણાવેલ જગ્યાઓ અનુક્રમે કુલસચિવ અને ગ્રંથપાલની જગ્યાઓની જાહેરાત આપવામાં આવેલ છે. જે પૈકી કુલસચિવની જગ્યા માટે કાર્યવાહી હાથ પર છે.

(૨) ક્રમ (૪) પર જણાવેલ જગ્યા મદદનીશ હિસાબનીશની જગ્યા માટે મંજૂરી આવે તે પહેલાં યુનિવર્સિટીના પ્રવર્તમાન બઢતીના નિયમો અંતર્ગત બઢતીથી જગ્યા ભરી દેવામાં આવેલ છે. તેથી હાલ આ જગ્યા માટે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ ભવિષ્યમાં જયારે સંભવિત ખાલી જગ્યા પડે ત્યારે યુનિવર્સિટીના બઢતીના નિયમો લાગુ પાડવા કે સરકારશ્રીના આવેલ ઠરાવ મુજબ પ્રથમ રૂા. ૪૫૦૦/–ના માસિક પગારથી પાંચ વર્ષ માટે ઠરાવમાં જણાવેલ બોલીઓ અને શરતોને આધિન સીધી ભરતીથી ભરવાની રહેશે તે અંગે નિતિવિષયક નિર્ણય લેવા વિચારવાનું રહેશે.

(૩) ક્રમ (૫) પર જણાવેલ જગ્યા ઓડિટરની એક જગ્યા ભરવા માટે મંજૂરી મળેલ છે. યુનિવર્સિટીમાં આ જગ્યા બઢતીના પ્રવર્તમાન નિયમોનુસાર બઢતીથી ભરવાની જોગવાઈ છે. તદાનુસાર આ જગ્યાની બઢતી માટે સિન્ડિકેટના ઠરાવ અનુસાર કુલ ૧૦ વર્ષનો અનુભવ **B.Com./ M.Com.** ની ડીગ્રીથી તથા સિ. કલાર્ક/ કેશીયરનો હોદ્દો ધરાવતાં હોવા જોઈએ તેવા કરેલ ઠરાવ અંતર્ગત સરકારશ્રીની મંજૂરી આવે તે પહેલાં યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં સિ.કલાર્કનો અનુભવ ધરાવતાં અને **B.Com.** પદવી ધરાવતાં એક કર્મચારીને આ જગ્યાનો બઢતી અંગેનો ઓર્ડર પાઠવતાં તેનો અસ્વીકાર કરી અસંમતિ દર્શાવેલ છે. જે સંદર્ભમાં આ જગા ખાલી છે. જે અંતર્ગત સરકારશ્રીના ઉકત પત્રથી માસિક રૂા. ૪૫૦૦/–ના ફીકસ પગારથી પાંચ વર્ષ માટે બોલીઓ અને શરતોને આધિન સીધી ભરતીથી ભરવાની રહેશે જે અંગે આ જગ્યા ભરવા માટે નિતિવિષયક નિર્ણય લેવા વિચારવાનું રેહેશે.

ઉપરોકત પેરા (૨) અને (૩) સંદર્ભમાં નિતિવિષયક નિર્ણય લેવા વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતો સ્વીકારવી અને ક્રમાંકઃ (૪)ની જગ્યા

સીનીયોરીટીનાં આધારે સરકારનાં પત્ર આવવાં અગાઉ યુનિવર્સિટીએ ભરેલ હતી તેની સરકારને જાણ કરવી.

૧૬. કેમ્પસ ખાતે એકવેટીક બાયોલોજી વિભાગના વિસ્તરણ માટે બંધાનાર મકાનના ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ ફ્લોરના મકાનના બાંધકામ તથા ઈલેક્ટ્રીફીકેશન સહિત થનાર અંદાજીત રકમ રૂા. ૨૯,૨૮,૭૭૭/– નો ખર્ચ થાય એમ છે. જે પૈકી એકવેટીક બાયોલોજી વિભાગ માટે ફાળવેલ રૂા.૧૬,૫૦,૦૦૦/–ની રકમ ઉપરાંત થનાર રૂા. ૧૨,૭૮,૭૭૭/– નો વધારાનો ખર્ચ મંજૂર કરવા તેમજ કયા ફંડમાં ફાળવાશે તે અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતે એકવેટીક બાયોલોજી વિભાગના વિસ્તરણ માટે બંધાનાર મકાનના ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ ફ્લોરના મકાનના બાંધકામ તથા ઈલેક્ટ્રીફીકેશન સહિત થનાર અંદાજીત રકમ રૂા. ૨૯,૨૮,૭૭૭/– નો ખર્ચ થાય એમ છે. જે પૈકી એકવેટીક બાયોલોજી વિભાગ માટે ફાળવેલ રૂા.૧૬,૫૦,૦૦૦/–ની રકમ ઉપરાંત થનાર રૂા. ૧૨,૭૮,૭૭૭/– નો વધારાનો ખર્ચ કરવા મંજૂરી આપવી, તેમજ પ્રસ્તુત ખર્ચ એફીલીયેશન–ફંડ–ફી ખાતેના ફંડમાં ફાળવવો અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.

૧૭. કેમ્પસ ખાતે યુસિક વિભાગના વડાશ્રીના પત્રાંકઃ યુસિક/ ફેસી–૪/ ૧૯૬૪/ ૦૫ તા. ૨૬–૪–૦૫ મુજબ હાલના વર્કશોપવાળા ભાગના ટેરેસ ઉપર અંદાજે ૧૬૭૪ ચો.ફૂટ જેટલું બાંધકામ કરવા અંગે નો રૂા. ૮,૩૭,૦૦૦/– નો ખર્ચ કયા ફંડમાં ફાળવવો તે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુસિક વિભાગના એક્ષટેન્શન માટે રૂા. ૮,૩૭,૦૦૦/– નો ખર્ચ કયા ફંડમાં પાડવો તે માટે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવું.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતે યુસિક વિભાગના વડાશ્રીના પત્રાંકઃ યુસિક/ ફેસી–૪/ ૧૯૬૪/ ૦૫ તા. ૨૬–૪–૦૫ મુજબ હાલના વર્કશોપવાળા ભાગના ટેરેસ ઉપર અંદાજે ૧૬૭૪ ચો.ફૂટ જેટલું બાંધકામ કરવા અંગે નો રૂા. ૮,૩૭,૦૦૦/– નો ખર્ચ કરવા મંજૂરી આપવી તથા પ્રસ્તુત ખર્ચ એફીલીયેશન–ફંડ–ફી ખાતેના ફંડમાં ફાળવવો અને આગળની કાર્યવાહી કરવી.

૧૮. ઓકટોબર – ૨૦૦૫માં લેવાનાર તથા ત્યાર પછી લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ ભુરા રંગ સિવાયની અન્ય કોઈપણ શાહી કે રીફીલનો ઉપયોગ ઉત્તરવહીમાં કરે તો તેને કયા પ્રકારની સજા કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઓકટોબર/ નવેમ્બર – ૨૦૦૫માં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓમાં (ઉત્તરવહીમાં લખવાં) વિદ્યાર્થીઓ ભૂરા (વાદળી) રંગ સિવાયની શાહી/ પેનનો ઉપયોગ કરે તો તે માટે તે અંગેની છૂટ આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, માર્ચ/ એપ્રિલ – ૨૦૦૬ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં અને ત્યાર પછીની પરીક્ષાઓમાં ભૂરી (વાદળી) રંગની પેનનો ઉપયોગ કરવો અને આ અંગેની બહોળી પ્રસિધ્ધિ સમાચાર માધ્યમો થકી કરવી અને વિદ્યાર્થીઓની જાણ સારૂ મુખ્ય ઉત્તરવહી પર આ અંગેના નિયમ અંગે જરૂરી સૂચના લખવી.

વધુમાં, જો કોઈ વિદ્યાર્થી ગુપ્તતાં અંગેના આ નિયમનો ભંગ કરે તો તેનું તે પરીક્ષાનું પરિણામ રદ કરવું અને તે પછી આવનારી એક પરીક્ષામાં તે ન બેસી શકે તેવું ઠરાવવામાં આવે છે.

૧૯. યુનિવર્સિટી દ્વારા લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામ પત્રક ઘણાં જુના તેમજ પરિણામ પત્રકની નકલો બગડી/ ફાટી ગયેલ હોઈ, જે અગત્યનાં દસ્તાવેજ હોવાથી માર્ચ/ એપ્રિલ – ૧૯૬૮ થી માર્ચ/ એપ્રિલ – ૨૦૦૨ સુધી પરીક્ષાનાં પરિણામ પત્રકો સ્કેનીગ કરી કોમ્પ્યુટર પર કાયમી ધોરણે રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામ પત્રક ઘણાં જુના તેમજ પરિણામ પત્રકની નકલો બગડી/ ફાટી ગયેલ હોઈ, જે અગત્યનાં દસ્તાવેજ હોવાથી માર્ચ/ એપ્રિલ – ૧૯૬૮ થી માર્ચ/ એપ્રિલ – ૨૦૦૨ સુધી પરીક્ષાનાં પરિણામ પત્રકો સાચવી રાખી તેમને સ્કેનીગ કરી કોમ્પ્યુટર પર રાખવા માટે કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવે છે અને તે માટે જરૂરી

કાર્યવાહી હાથ ધરવી. વધુમાં જે હાલમાં દસ્તાવેજો છે તે પણ સાચવી રાખવાં.

**મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.**

૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા નીચે દર્શાવેલ વહીવટી કર્મચારીઓને આપવામાં આવેલ બઢતી સંદર્ભમાં એક વર્ષના અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેઓને તે જગા પર કાયમ કરવાના માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

| ક્રમ | નામ | હોદ્દો | વિભાગ | બઢતની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પી.આઈ. દેસાઈ | કાર્યાલય અધિક્ષક | મધ્યસ્થ માહિતી અને આંકડાકીય | ૨૩/૦૯/૦૪ | ૨૨/૦૯/૦૫ |
| ૨. | શ્રીમતી એલ.જી. ગામીત | હેડ કલાર્ક | એકેડેમિક | ૨૨/૦૯/૦૪ | ૨૧/૦૯/૦૫ |
| ૩. | શ્રીમતી આઈ. સી. ચૌધરી | સિનિયર કલાર્ક | હિસાબી | ૨૨/૦૯/૦૪ | ૨૧/૦૯/૦૫ |
| ૪. | શ્રી એસ.એલ. દવે | સિનિયર કલાર્ક | યુ.જી.સી. યુનિટ | ૨૯/૧૨/૦૪ | ૨૮/૧૨/૦૫ |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયના નાયબ કુલસચિવ તથા ઈ.ચા. કુલસચિવની જગાના વધારાના હવાલા સંભાળતા શ્રી સી. પી. પટેલએ તેમના આ સાથેના તા. ૧૫–૬–૨૦૦૫ના પત્રથી નોટીસ આપી (તેઓશ્રીની ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા મામલતદાર (વર્ગ – ૨) તરીકે નિમણૂંક થતા) ફરજ મુકત કરવા કરેલ વિનંતીના સંદર્ભમાં તા. ૧૧–૮–૨૦૦૫થી (કાર્યાલય સમય બાદ) અમલમાં આવે તે રીતે ફરજ મુકત કરવાના મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત, તેમજ શ્રી પટેલના પત્રથી તેમના તા. ૩–૮–૨૦૦૫ના પત્રથી તેઓશ્રીની નાયબ કુલસચિવની જગા પર મામલતદાર (વર્ગ–૨)ની જગા પર કાયમ થાય ત્યાં સુધીના સમય માટે (૨ વર્ષ માટે) "ધારણાધિકાર" (Lien) ચાલુ રાખવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવી તથા શ્રી સી.પી. પટેલે તેમના તા. ૩–૮–૨૦૦૫ના પત્રથી કરેલ વિનંતી ના મંજૂર કરવી તથા આ જગ્યા નવેસરથી ભરવા અંગેની જાહેરાત આપવી અને પસંદગી સમિતિ પરનાં નામો નકકી કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપી આગળની કાર્યવાહી કરવી.

વધુમાં, સીધી રાજય સરકાર દ્વારા નિમણૂંક અપાતી જગ્યાઓનાં અને પરદેશ જવાના ખાસ કિસ્સાઓમાં જ લીયનની બાબતો સિન્ડિકેટ સમક્ષ લાવવી. અન્ય કોઈપણ કિસ્સામાં હવે પછી લીયન આપવું નહી.

૨૨. પરીક્ષા આચાર સમિતિની તા. <u>૧૦/ ૯/ ૦૫</u> અને તા. <u>૧૨/ ૯/ ૦૫ની</u> સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: પરીક્ષા આચાર સમિતિની તા. <u>૧૦/ ૯/ ૦૫</u> અને તા. <u>૧૨/ ૯/ ૦૫ની</u> સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પરિશિષ્ટમાં આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ 'ખ')**

૨૩. પરીક્ષા આચાર સમિતિની **<u>તા. ૧૬–૯–૨૦૦૫</u>**ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: પરીક્ષા આચાર સમિતિની **<u>તા. ૧૬–૯–૨૦૦૫</u>**ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો

પરિશિષ્ટમાં આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટ: 'ગ')**

૨૪. યુનિવર્સિટી કાર્યાલયમાં **Registrar** ની જગા પર નિમણૂંક કરવા અંગે **Ordinance-37** હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં **Registrar** ની જગા પર નિમણૂંક કરવા અંગે **Registrar** ની જગા માટે યોગ્ય ઉમેદવાર ન મળવાથી પુનઃ જાહેરાત આપી **Registrar** ની જગા ભરવાની પ્રક્રિયા કરવી અને પસંદગી સમિતિ પરનાં નામો નકકી કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપી આગળની કાર્યવાહી કરવી.

૨૫. યુનિવર્સિટી કાર્યાલયમાં **Dean; College Development Council (C.D.C)** ની **(Three years' Tenure post)** જગા પર નિમણૂંક કરવા અંગે **Ordinance-37** હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં **Dean; College Development Council (C.D.C)** ની **(Three years' Tenure post)** જગા પર નિમણૂંક કરવા અંગે **Ordinance-37** હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણ અનુસાર ડો. પી.કે. હિરાધરની પસંદગી કરવામાં આવે છે.

૨૬. યુનિવર્સિટી કાર્યાલયમાં **Placement Officer (DBIM)** ની જગ્યા પર નિમણૂંક કરવા અંગે **Ordinance-37** હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં **Placement Officer (DBIM)** જગા પર નિમણૂંક કરવા અંગે **Ordinance-37** હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણ અનુસાર શ્રી દર્શન પુરોહિતની પસંદગી કરવામાં આવે છે.

૨૭. કેમ્પસ ખાતેના વિવિધ વિભાગીય વડાઓએ કુલપતિશ્રી સાથે થયેલ ચર્ચા મુજબ જે તે વિભાગના સેલ્ફ ફાઈનાન્સમાંથી ફંડ ફાળવીને ૬૦ ક્ષમતા વાળી ગર્લ્સ હોસ્ટેલ અને ૯૦ ક્ષમતા વાળી બોયઝ હોસ્ટેલ બનાવવાની નીચે જણાવેલ વિભાગ દ્વારા સંમતી આપેલ છે તે પૈકી ઉપરોકત પ્રોજેકટ માટે
M.Sc. IT વિભાગનો રૂા. ૩૦ લાખ,
MBA વિભાગનો રૂા. ૩૦ લાખ,
Computer Science વિભાગનો રૂા. ૨૦ લાખ અને
Chemistry વિભાગનો રૂા. ૧૫ લાખનો ફાળો રહેશે.
એમ કુલ મળીને રૂા. ૯૫ લાખનો પ્રોજેકટ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતેના વિવિધ વિભાગીય વડાઓએ કુલપતિશ્રી સાથે થયેલ ચર્ચા મુજબ જે તે વિભાગના સેલ્ફ ફાઈનાન્સમાંથી ફંડ ફાળવીને ૬૦ ક્ષમતા વાળી ગર્લ્સ હોસ્ટેલ અને ૯૦ ક્ષમતા વાળી બોયઝ હોસ્ટેલ બનાવવાની ઉપરોકત જણાવેલ વિભાગ દ્વારા સંમતી આપેલ હોઈ તે પૈકી ઉપરોકત રૂા. ૯૫ લાખનો પ્રોજેકટ તૈયાર કરવા મંજૂરી આપવામાં આવે છે અને તે માટે આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

૨૮. કેમ્પસ ખાતેના પાણીની સપ્લાયની લાઈન ઘણી જુની થઈ ગઈ છે. જે નવી પાઈપ લાઈન નાખવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે, નવી પાણીની પાઈપ લાઈન નાંખવા મંજૂરી આપવામાં આવે છે અને તે માટે આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરવી અને સ્ટાફ કવાટર્સ (વર્ગ – ૪)ની આસપાસ જરૂર જણાય તો ડ્રેનેજની નવી લાઈન નાંખવા મંજૂરી આપવામાં આવે છે.

૨૯. કેન્દ્ર સરકારનાં નાણાં મંત્રાલયના ઠરાવો પ્રમાણે યુનિવર્સિટી દ્વારા વિવિધ પ્રકારની સેવાઓ જુદા જુદા કોન્ટ્રાકટરો મારફત લેવામાં આવે છે અને તેઓને કેન્દ્ર સરકારના ઠરાવ મુજબ સર્વીસ ટેક્ષની ચૂકવણી કરવા વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સર્વિસ ટેક્ષની નિયમોનુસાર કપાત કરવી. વધુમાં, આ અંગે જે તે પાર્ટીને કોન્ટ્રાકટ આપતી વખતે શરતનાં ભાગરૂપે તેને દર્શાવવું.

૩૦. યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર/ સ્વ નિર્ભર ઈન્સ્ટિટયુટ/ એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટમાં નીચે મુજબના ડીગ્રી/ ડીપ્લોમાં અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે ચલાવવામાં આવતા હોય જે અભ્યાસક્રમની ઓ. ૬૬માં (એફીલીએશન ફી/ જોડાણ ફી) જોગવાઈ ન હોઈ તે કરવા વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **અભ્યાસક્રમ** | **યુનિ. અનુસ્નાતક વિભાગ/ કોલેજ/ ઈન્સ્ટિ.નું નામ** |
|---|---|---|
| ૧ | ડીપ્લોમાં પબ્લીક સીસ્ટમ મેનેજમેન્ટ | પબ્લીક એડમીનીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટ |
| ૨ | એમ.એસ. ડબલ્યુ | સોશ્યોલોજી ડીપાર્ટમેન્ટ |
| ૩ | એમ.એસસી. એપ્લાઈડ ફીઝીકસ | ફીઝીકસ ડીપાર્ટમેન્ટ |
| ૪ | એમ.એસસી. ઈન્સ્ટ્રુમેન્ટેશન | યુસીક |
| ૫ | ડીપ્લોમાં ઈન્સ્ટ્રુમેન્ટેશન | યુસીક |
| **અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવાની મળેલ અરજી** | | |
| ૧ | એમ. ફાર્મ (કવોલીટી એસ્યોરન્સ) | માલીબા ફાર્મસી કોલેજ, બારડોલી. |
| ૨ | એમ. એસસી. (બાયો ટેકનોલોજી) | યુનિવર્સિટી કેમ્પસ એ. કા. ભલામણ સિન્ડીકેટ ધ્વારા મજૂંર |
| ૩ | માસ્ટર ઓફ ફીઝીયોથેરાપી | સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ (લોખાત), સુરત. |
| ૪ | એમ.એસસી. (બાયો ઈનફર્મેટીક) | શ્રીમદ રાજચંદ્ર ઈન્સ્ટિટયુટ, બારડોલી. |
| ૫ | એમ.એસસી. (મેડીકલ ટેકનોલોજી) | નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ કોર્ષ,નવસારી. |
| **અન્ય સ્નાતક કક્ષાએ ચાલતા અભ્યાસક્રમો કે જે અનુસ્નાતક કક્ષાએ શરૂ થવાની શકયતા હોઈ.** | | |
| **a** | આર્કીટેકચર | |
| **b** | ઈજનેરીઃ PG Diploma Course in **(i)** Embedded System Design **(ii)** CAD-CAM-CAE **(iii)** Energy Audit & Management **(iv)** Industial Automation **તથા અન્ય** | |
| **c** | કોમર્સઃ PG Diploma in **(i)** Tax Management **(ii)** Internal Audit **(iii)** Marketing Management **(iv)** Co-op Business Mgt. **તથા અન્ય** | |
| **d** | ડેન્ટલ | |
| **e** | મેડીકલ અનુસ્નાતક ડીગ્રી/ ડીપ્લોમા (all Courses/ Branches) | |
| **f** | હોમીયોપેથીક | |
| **g** | એમ. કોમ. | |
| **h** | એમ. એસસી. (કોમ્પ્યુટર) | |
| **i** | એમ. એસસી. (નર્સીગ) | |
| **j** | એમ. એસસી. (હોમ સાયન્સ) | |
| **k** | એમ. એસસી. (આઈ.સી.ટી.) (એમ.એસસી. આઈ.ટી. પ્રોગ્રામ) | |
| **l** | એમ. એસસી. (ઈન્ડ. કેમેસ્ટ્રી) | |
| **m** | અનુસ્નાતક કક્ષાએ શરૂ થનાર સર્ટીફીકેટ અભ્યાસક્રમ (કોર્ષ) | |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે, આ અંગેનો મુસદ્દો કાર્યાલય દ્વારા બનાવી ત્યારબાદ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૩૧. શ્રી પ્રવિણકાંત રેશમવાલા ઈન્સ્ટિટયૂટ ઓફ જર્નાલિઝમમાં ચાલતા અભ્યાસક્રમો માટે રૂા. ૨૨,૮૩,૭૦૮/—ના ખર્ચનો સ્ટુડિયો તૈયાર કરવા માટે પ્રસ્તુત ઈન્સ્ટિટયૂટના કો.ઓર્ડિનેટર શ્રીમતી કલ્પનાબેન રાવના તા. ૧૪—૧૦—૨૦૦૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(જર્નાલિઝમ/ માસકોમ્યુનિકેશન)

:: આથી ઠરાવવામાં આવે છે, ઉપરોકત પત્રમાંની બાબતો સ્વીકારવી અને પત્રમાં દર્શાવેલ ખર્ચ કરવા માટે મંજૂરી આપવામાં આવે છે.

૩૨. સંલગ્નતા પ્રાપ્ત કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયે નવી કોલેજ શરૂ કરવા માટે નિયત કરેલ અરજી પત્રક (૧) અને (૨) તથા ચાલુ/ વધારાનું જોડાણ મેળવવા માટેનું અરજી પત્રક — (૩) અંગે ફોર્મની વેચાણ કિંમત નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે, સંલગ્નતા પ્રાપ્ત કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયે નવી કોલેજ શરૂ કરવા માટે નિયત કરેલ અરજી પત્રક (૧) અને (૨) ના ફોર્મની વેચાણ કિંમત રૂા. ૫૦૦/— રાખવી તથા ચાલુ/ વધારાનું જોડાણ મેળવવા માટેનું અરજી પત્રક — (૩) અંગે ફોર્મની વેચાણ કિંમત રૂા. ૫૦૦/— રાખવી.

૩૩. યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા ચલાવવામાં આવતાં **Self Finance Programme/ Higher Payment Sheet** ને આધારે વિભાગો દ્વારા આપેલ માહિતી અનુસાર વિવિધ શૈક્ષણિક જગાઓ મંજૂર કરી જે તે અભ્યાસક્રમના સ્વનિર્ભર ફંડમાંથી તેઓની પસંદગી કરવા અંગેની કાર્યવાહી કરવા વિચારણા કરવા બાબત.

તેઓની નિમણૂંક વખતે નીચેની બાબતો ઘ્યાનમાં રાખવા ભલામણ છેઃ

(૧) જે તે પ્રોગ્રામમાં જે તે વખતે વર્કલોડ ઘટ થતાં સિનિયોરીટી મુજબ તેઓને છૂટા કરવાના રહેશે.

(૨) સરકારશ્રીની હાલની નવી અમલમાં આવેલ **GPF** ની સ્કીમ હેઠળ નિમણૂંક આપવી.

(૩) **Self Finance Programme/ Higher Payment Sheet** ને આધારે થતી આવી નિમણૂંકોને સીનીયોરીટી વગેરે બાબતે સ્વતંત્ર યુનિટ તરીકે ગણવાનું રહેશે.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર અભ્યાસક્રમ/ પ્રોગ્રામમાં નીચે મુજબની જગ્યાઓ મંજૂર કરવામાં આવે છે.

**Proposal of Various Post Graduate Department for Teaching Staff on Self Finance:**

| Sr. No. | Name of the Department | Professor | Reader | Lecturer | Total |
|---|---|---|---|---|---|
| 1. | Aquatic Biology | - | - | - | - |
| 2. | Bio-Science | - | - | 02 | 02 |
| 3. | Chemistry | - | 01 | 07 | 08 |
| 4. | Computer Science | - | - | 03 | 03 |
| 5. | D.B.I.M. | 02 | 03 | 08 | 13 |
| 6. | Economics | - | - | 03 | 03 |
| 7. | Education | - | - | 01 | 01 |
| 8. | English (Mass Communication) | - | - | 03 | 03 |
| 9. | English (Journalism) | - | - | - | - |
| 10. | Library | - | - | - | - |
| 11. | Mathematics | - | - | 02 | 02 |
| 12. | M.H.R.D. (RMISS) | - | - | 03 | 03 |
| 13. | M.Sc. (I.T.) | - | - | 16 | 16 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 14. | Physics | 01 | 02 | 02 | 05 |
| 15. | Public Administration | - | - | - | - |

| Sr. No. | Name of the Department | Professor | Reader | Lecturer | Total |
|---|---|---|---|---|---|
| 16. | Rural Studies | - | - | - | - |
| 17. | Sociology | - | 01 | 01 | 02 |
| 18. | Statistics | - | - | - | - |
| 19. | USIC | - | - | 02 | 02 |
| | | | | **TOTAL** | **63** |

**Other Post:**

| Sr. No. | Name of the Department | Placement Officer | Editorial Asst. | Production Asst. | Total |
|---|---|---|---|---|---|
| 1. | Computer Science | 01 | - | - | 01 |
| 2. | Economics | 01 | - | - | 01 |
| 3. | English (Mass Communication) | - | 01 | 01 | 02 |
| 4. | M.Sc. (I.T.) | 01 | - | - | 01 |
| | | | | **TOTAL** | **05** |

**63 + 05 = 68**

આ જગ્યાઓ નીચે જણાવેલ બાબતોને ધ્યાને રાખી કાયમી ધોરણે ભરવી.

(અ) સ્વનિર્ભર અભ્યાસક્રમ/ પ્રોગ્રામમાં આ શૈક્ષણિક મહેકમને યુનિવર્સિટીનાં ગ્રાન્ટેડ શૈક્ષણિક કર્મચારીનાં મહેકમનાં યુનીટથી અલગ (સ્વતંત્ર) રીતે ગણતરીમાં લેવાનું રહેશે.

(બ) સ્વનિર્ભર અભ્યાસક્રમ/ પ્રોગ્રામનાં શૈક્ષણિક કર્મચારીઓને **Cost Based Education**નાં સિધ્ધાંત (**Principle**)ને અનુસરીને શરતોને આધીન નિમણૂંક આપવાની રહેશે અને તેઓને નિયમોનુસાર મળવાપાત્ર તમામ લાભો આપવાનાં રહેશે.

(ક) જે તે અભ્યાસક્રમમાં નિમણૂંક પામતાં શિક્ષકને જે તે સ્વનિર્ભર અભ્યાસક્રમનાં ફંડમાંથી પગાર વગેરે ચૂકવવાનાં રહેશે.

(ડ) જો સ્વનિર્ભર અભ્યાસક્રમ/ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવાથી કે અન્ય કોઈ કારણસર અભ્યાસક્રમ/ પ્રોગ્રામ બંધ થવાથી ફી ની આવકમાં ઘટાડો થાય અથવાં વર્કલોડમાં ઘટાડો થાય તો તે સમયે અભ્યાસક્રમની જરૂરીયાતને ધ્યાને રાખીને શિક્ષકને નોટીસ પે આપીને છુટાં કરી શકાશે.

(ઈ) આ જગ્યાઓ પર ભરતીની કાર્યવાહી યુનિવર્સિટીનાં નિયમોનુસાર કરવી અને તે માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવામાં આવે છે.

વધુમાં, જો ઉપરોકત જગ્યાઓ પર **NET/ SLET**ની લાયકાત ધરાવનાર શિક્ષકો ન મળે તો તેઓને યુનિવર્સિટીની વર્તમાન જોગવાઈ અનુસાર મુદ્દતી નિમણૂંક આપવી અને જો આ સમયગાળામાં ઉમેદવાર **NET/ SLET**ની પરીક્ષા પાસ કરે તો તેને કાયમી કરવાં અન્યથા ફરીથી ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૩૪. યુનિવર્સિટી તરફથી ઓકટોબર–૨૦૦૫ તથા એપ્રિલ/ મે – ૨૦૦૬ના વર્ષ દરમ્યાન લેવાનાર વિવિધ પરીક્ષાઓની મુખ્ય ઉત્તરવહી પૂરવણી, પ્રાયોગિક ઉત્તરવહીઓ અને ગ્રાફ પેપર્સ બારકોડ સહિત છાપકામ અંગેના ભાવો સિન્ડિકેટ તા. ૨૩–૮–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧ થી મેસર્સ બિન્દીયા એન્ટરપ્રાઈઝ, ખેડાના ભાવો મંજૂર કરવામાં આવતા પાર્ટી સાથે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ જૂની તેમજ નવી શરતો આમેજ કરી કરવામાં આવેલ કરારની શરતોની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી.**

૩૫. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પસંદગી પામેલાં શિક્ષકોની સંસ્થા ખાતે નિમણૂંકનાં સંદર્ભમાં વિચારણા કરવા શ્રી હોશંગ મીરઝાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં/ સંસ્થાઓમાં શિક્ષકોની પસંદગી બાબતે યુનિવર્સિટી દ્વારા નિયમોનુસાર તેમની માન્યતાનો પત્ર સંસ્થાને મોકલ્યા બાદ સંસ્થાએ તાત્કાલિક તે શિક્ષકોને નિમણૂંક આપવાની રહેશે અને તેની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે.

૩૬. યુનિવર્સિટી સાથે જોડાણ માટેની અરજીઓનાં અનુસંધાને સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે સ્થાનિક તપાસસમિતિની નિમૂણંક કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૩૭. માનનીય કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી અને કુલસચિવશ્રીના અંગત મદદનીશો તેમજ વર્ગ–૪ના પટાવાળા ભાઈઓ તરફથી તા. ૧૪–૯–૨૦૦૫ના પત્રથી કાર્યાલય સમય બાદ વધારાની કામગીરી બદલ વધારાના મહેનતાણાં ચૂકવવા અંગેની બાબત પર પુનઃ વિચારણા કરવા અંગે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી અને કુલસચિવશ્રીના અંગત મદદનીશો તેમજ વર્ગ–૪ના પટાવાળા ભાઈઓ તરફથી તા. ૧૪–૯–૨૦૦૫ના પત્રથી કાર્યાલય સમય બાદ વધારાની કામગીરી બદલ વધારાના મહેનતાણાં ચૂકવવા અંગે નિર્ણય કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
તા. ૨૩–૧૧–૨૦૦૫ **ઈ. ચા. કુલસચિવ**
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૧૧૩૬૪/ ૨૦૦૫

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……